# યુરોપમાં ગેરકાયદે વસાહતીઓની સંખ્યામાં વધારો વધુ જોખમીઃ સુનક

લંડન, તા. ૧૭

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનાકે કહ્યું કે દુશ્મનો યુરોપિયન સમાજને અસ્થિર કરવાનો પ્રયાસ કરી શકે છે. લોકોને જાણીજોઈને આપણા કિનારા પર લાવીને તેઓ ઈમિગ્રેશનનો હથિયાર તરીકે ઉપયોગ કરી શકે છે.

બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક સપ્તાહના અંતે ઈટાલીની મુલાકાતે છે.

ઈટાલીમાં એક કાર્યક્રમમાં ઋષિ સુનકે ચેતવણી આપી હતી કે, ગેરકાયદેસર સ્થળાંતરથી યુરોપ પ્રભાવિત થવાનો ભય છે. આંતરરાષ્ટ્રીય કાયદાઓને અપડેટ કરવાનો આ યોગ્ય સમય છે. વધુમાં સુનાકે કહ્યું કે દુશ્મનો યુરોપિયન સમાજને અસ્થિર કરવાનો પ્રયાસ કરી શકે છે. લોકોને જાણીજોઈને આપણા કિનારા પર લાવીને તેઓ ઈમિગ્રેશનનો હથિયાર તરીકે ઉપયોગ કરી શકે છે. સુનક ઈટાલિયન PM જ્યોર્જિયા મેલોનીની ઈટલી પાર્ટી દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.PM સુનાકે ગેરકાયદેસર સ્થળાંતરિત બોટને રોકવાનું વચન આપ્યું છે. આ સ્થળાંતર કરનારાઓ મોટી સંખ્યામાં છે. બ્રિટિશ-ભારતીય વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ગુનાહિત ટોળકી તેમના ગેરકાયદેસર ધંધાને ચલાવવા માટે સસ્તા રસ્તાઓ શોધી કાઢશે. તેઓ આપણી માનવતાનું શોષણ કરશે. જ્યારે તેઓ લોકોને આ નૌકાઓમાં સમુદ્રમાં મૂકે છે ત્યારે તેઓ તેમના જીવનને જોખમમાં મૂકે છે અને તેના વિશે કંઈપણ વિચારતા નથી.સુનકે તેમના ઈટાલિયન સમકક્ષ મેલોની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરી હતી. આ દરમિયાન તેમણે ગેરકાયદેસર સ્થળાંતર અંગે પણ ચર્ચા કરી હતી. ડાઉનિંગ સ્ટ્રીટે આ બેઠક વિશે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે બંને નેતાઓએ ગુનાહિત દાણચોરી કરતી ગેંગ સામે લડવા અને યુરોપની સરહદો પર નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે સામૂહિક પ્રયાસોને મજબૂત કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

**શત્રુઓ જાણી જોઈને લોકોને યુરોપના કિનારે લાવીને યુરોપિયન સમાજને અસ્થિર કરવા પ્રયાસ કરી રહ્યા છેઃ બ્રિટિશ વડાપ્રધાન**



શિયાળાની સીઝનમાં તામિલનાડુમાં ચોમાસાનો માહોલ જોવા મળી રહ્યો છે. તામિલનાડુમાં દક્ષિણના થુથુકોડી, તિરૂનેલવેલા, તેનકાસી, ક્યાકુમારી અને રામનાથપુરમમાં રવિવારે સવારથી શરૂ થયેલા વરસાદને કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. ક્યાકુમારી જિલ્લાના અનેક ગામો અને નગરોમાં પુરના પાણી રસ્તાઓ પર તેમજ ઘરોમાં ઘુસી જતા જનજીવન પર વિપરીત અર પડી રહી છે.

### ભર શિયાળે તામિલનાડુમાં ચોમાસા જેવો માહોલ

# તામિલનાડુના દક્ષિણના જિલ્લાઓમાં અનરાધાર વરસાદ, પુરની ગંભીર સ્થિતિ

ચેન્નાઈ, તા. ૧૭

હાલ શિયાળાનો સમય છે. ક્યાંક હાડ થીજવતી ઠંડી તો ક્યાંક હિમવર્ષા થઇ રહી છે. તેવામાં તમિલનાડુમાં જાણે ચોમાસુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. તમિલનાડુના દક્ષિણ જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

તમિલનાડુમાં વરસાદ વારંવાર આફત બની રહ્યો છે. તમિલનાડુના દક્ષિણી જિલ્લાઓ જેમાં થૂથુકુડી, તિરુનેલવેલી, તેનકાસી, કન્યાકુમારી અને રામનાથપુરમ રવિવાર (૧૭ ડિસેમ્બર) સવારથી ભારે વરસાદ પડી રહ્યો છે. તિરુનેલવેલીમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે.

આ ઉપરાંત તુતીકોરિન અને તેનકાસી જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જેને કારણે સામાન્ય જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે. હવામાન વિભાગે તમિલનાડુના પૂર્વીય તટો અને મન્નારની ખાડીમાં ચક્રવાતી પવન ફૂંકાવાની ચેતવણી આપી છે.

તમિલનાડુના દક્ષિણી જિલ્લાઓ, જેમાં થૂથુકુડી, તિરુનેલવેલી, તેનકાસી, કન્યાકુમારી અને રામનાથપુરમનો સમાવેશ થાય છે, રવિવાર સવારથી ભારે વરસાદ થઈ રહ્યો છે. આ સિવાય તુતીકોરિન અને તેનકાસી જિલ્લામાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

હવામાન વિભાગે તમિલનાડુના પૂર્વી તટીય વિસ્તારો અને મન્નારની ખાડી પર ચક્રવાતી પવનની ચેતવણી પણ આપી છે.

IMDની આગાહી અનુસાર, ૧૮ ડિસેમ્બરે તમિલનાડુના કન્યાકુમારી, તિરુનેલવેલી, થૂથુકુડી, રામનાથપુરમ, પુડુકોટ્ટાઈ અને તંજાવુર જિલ્લાઓમાં એક કે બે જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું છે કે ૧૯ ડિસેમ્બરે તમિલનાડુના કન્યાકુમારી, તિરુનેલવેલી, થૂથુકુડી અને રામનાથપુરમ જિલ્લામાં એક-બે જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. ૧૯ ડિસેમ્બરે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં એક કે બે જગ્યાએ વાવાઝોડું અને વીજળી પડવાની શક્યતા છે.



જમ્મુ-કાશ્મીરમાં પોલીસે એક આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરીને પોલીસ અને નાગરિકો પર હુમલાની યોજના નિષ્ફળ બનાવી શ્રીનગરના બેમિના વિસ્તારમાંથી આ ષડયંત્રમાં સંડોવાયેલા ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓની રવિવારે ધરપકડ કરી હતી.

### જમ્મુ કાશ્મીરમાં આતંકી મોડ્યુલનો પર્દાફાશ

# પોલીસ પર હુમલામાં સામેલ ૩ હાઈબ્રિડ આતંકીની ધરપકડ

શ્રીનગર, તા. ૧૭

શ્રીનગરના બેમિના વિસ્તારમાં ગયા અઠવાડિયે પોલીસકર્મી પર થયેલા હુમલામાં સામેલ ત્રણ હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક આરઆર સ્વૈને રવિવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે હુમલાની યોજના પાકિસ્તાન સ્થિત આતંકવાદી અર્જુમંદ ઉર્ફે હમઝા બુરહાન દ્વારા બનાવવામાં આવી હતી, જે સ્થાનિક માસ્ટરમાઈન્ડ દાનિશ અહેમદ મલ્લાના સંપર્કમાં હતો. મહત્વનું છે કે કોન્સ્ટેબલ મોહમ્મદ હાફીઝ ચક ૯ ડિસેમ્બરના રોજ ડ્યુટી બાદ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો થયો હતો.

ડીજીપીએ કહ્યું કે આ કાવતરું પાકિસ્તાન સ્થિત આતંકવાદી અર્જુમંદ ઉર્ફે હમઝા બુરહાન દ્વારા ઘડવામાં આવ્યું હતું. જે હુમલાને અંજામ આપવા માટે સ્થાનિક માસ્ટરમાઈન્ડ દાનિશ અહેમદ મલ્લાના સંપર્કમાં આવ્યો હતો. પત્રકારો સાથે વાત કરતા ડીજીપીએ કહ્યું કે હુમલામાં સામેલ હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.તેઓએ વધુમાં જણાવ્યું કે કોન્સ્ટેબલ મોહમ્મદ હાફીઝ ચક સદનસીબે આ હુમલામાં બચી ગયા હતા.

ડીજીપીએ વધુમાં જણાવ્યું કે અમે પ્રાર્થના કરીએ છીએ કે કોન્સ્ટેબલ જલ્દીથી સ્વસ્થ થઈને પરત ફરે. જ્યાં સુધી હત્યારાઓનો સવાલ છે. તેણે પોતાનું કામ કરી લીધું હતું. હાઈબ્રિડ આતંકવાદીઓ કોણ હોય છે તે અંગે માહિતી આપતાં તેમણે કહ્યું કે આ એવા આતંકવાદીઓ એવા છે છે જેઓ હુમલા કરે છે અને પછી તેમના નિયમિત જીવનમાં પાછા ફરે છે.

# આ ઘટના ચિંતાજનક, ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ, રાજનીતિ ન કરો

નવી દિલ્હી, તા.૧૭

સંસદની સુરક્ષામાં થયેલી ચૂકે આખા દેશને હચમચાવી નાખ્યો છે. તેની તપાસ દિલ્હી પોલીસ ઝડપથી કરી રહી છે. રોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. બીજી બાજુ વિપક્ષે પણ આ મુદ્દે રાજકીય રોટલા સેકવાના શરૂ કરી દીધા છે. વિપક્ષે સંસદના બંને સદનોમાં ગૃહમંત્રી પાસે જવાબ આપવાની માંગણી કરી છે. તેને મોંઘવારી અને બેરોજગારી સાથે જોડી દીધા છે. આ બધા વચ્ચે સંસદ કાંડ પર પીએમ મોદીનું પણ નિવેદન સામે આવ્યું છે. પીએમ મોદીએ એક અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે સંસદની સુરક્ષામાં ચૂક ચિંતાજનક છે. તેની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ. આ ઘટના પર રાજનીતિ થવી જોઈએ નહીં.

### સંસદકાંડ પર વડાપ્રધાન મોદીનું નિવેદન

અત્રે જણાવવાનું કે સંસદની સુરક્ષામાં ગાબડું પાડનારની શોધ ચાલુ છે. આ ઘટનાનો માસ્ટરમાઈન્ડ કહેવાતા લલિત મોહન ઝા બાદ પોલીસના રડાર પર વધુ એક આરોપી નીલમ આઝાદ છે. પોલીસ નીલમની ઊંડાણપૂર્વક પૂછપરછ કરી રહી છે. જેથી કરીને ષડયંત્રના અન્ય અસલ પાત્રો સુધી પહોંચી શકાય.

# નાગપુરમાં દારૂગોળા બનાવતી કંપનીમાં વિસ્ફોટ:૯ના મોત

નાગપુર, તા.૧૭

મહારાષ્ટ્રમાં નાગપુરમાં એક કંપનીમાં મોટો વિસ્ફોટ થયો છે. મળતી માહિતી મુજબ આ વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. અનેક લોકો ઘાયલ થયા છે. નાગપુર ગ્રામ્યના એસપી હર્ષ પોદ્દારના જણાવ્યાં મુજબ નાગપુરના બજારગાંવ ગામમાં સ્થિત સોલર

### સોલર એક્સપ્લોઝિવ કંપનીમાં વિસ્ફોટકોના પેકિંગના કામ દરમિયાન ધડાકો થયો

એક્સપ્લોઝિવ કંપનીમાં થયેલા વિસ્ફોટમાં ૯ લોકોના મોત થયા છે. આ વિસ્ફોટ કંપનીના કાસ્ટ બુસ્ટર યુનિટમાં થયો. મૃતકોમાં ૬ મહિલાઓ અને ૩ પુરુષો સામેલ છે.

એવી આશંકા હતી કે અનેક લોકો હજુ આ કંપનીમાં ફસાયેલા છે. કંપનાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે ભારે પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. વિધાયક અનિલ દેશમુખ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વિધાયકે કહ્યું કે ખુબ દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત થયો છે.

અત્ર જણાવવાનું કે આ કંપની નાગપુર અમરાવતી રોડ પર બજારગાંવમાં આવેલી છે. પ્રાથમિક માહિતી મુજબ આ વિસ્ફોટ આજે સવારે ૯ વાગે થયો. એવું કહેવાય છે કે વિસ્ફોટ થયો ત્યારે વિસ્ફોટ પેક કરવાનું કામ ચાલુ હતું. વિસ્ફોટ એટલો ભીષણ હતો કે ત્યાં રહેલા અનેક મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા.

**નામ બદલેલ છે**

મેં મારું જૂનું નામ પટેલ કનક પ્રવિણચંદ્ર થી બદલીને નવું નામ પટેલ કનક પ્રવિણભાઈ કરેલ છે. સરનામુંઃ GF/1, ગીતાંજલી એપાર્ટમેન્ટ, 4-B, રવિકુંજ સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩

# ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં ફરી પાકિસ્તાનને લગાવી ફટકાર

નવી દિલ્હી, તા.૧૭

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્ર (UN)માં પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે પાકિસ્તાનનું નામ લીધા વિના તેના પર મોટો હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે સીમા પારના આતંકવાદને કારણે ભારતને મોટું નુકસાન થયું છે. આતંકવાદીઓને આશ્રય આપનાર દેશો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. રૂચિરા કંબોજે કહ્યું કે ભારત દાયકાઓથી સરહદ પારના આતંકવાદનો શિકાર છે. આ આતંકવાદી જૂથો ગેરકાયદેસર હથિયારોની દાણચોરી કરવા અને હિંસા કરવા માટે સરહદ પારથી

### ત્રાસવાદીઓને આશ્રય આપનાર પર થવી જોઈએ કાર્યવાહી

ડ્રોનનો ઉપયોગ કરે છે. આના કારણે અમને ઘણું નુકસાન થયું છે અને હવે આમાં ડ્રોનનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. કંબોજે શુક્રવારે સુરક્ષા પરિષદમાં 'સ્મોલ આર્મ્સ' પર ખુલ્લી ચર્ચા દરમિયાન આ વાત કહી હતી.

રુચિરા કંબોજે કહ્યું કે આતંકવાદી સંગઠનો પાસેથી મળી આવેલા હથિયારો સ્પષ્ટપણે દર્શાવે છે કે કોઈ તેમની મદદ કરી રહ્યું છે. તેઓ કોઈપણ દેશની મદદ વગર આટલા મોટા પાયા પર હથિયારો એકઠા કરી શકતા નથી. તેમણે કહ્યું કે તેઓ અન્ય દેશોના સમર્થન વિના અસ્તિત્વમાં નથી. કંબોજે આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પહેલીવાર નથી જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને અરીસો બતાવ્યો હોય. આ પહેલા પણ ભારત ઘણી વખત આવું કરી ચુક્યું છે. થોડા દિવસ પહેલા જ ભારતે કાશ્મીર મુદ્દે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી. વાસ્તવમાં, પાકિસ્તાનના તત્કાલિન વડાપ્રધાન શાહબાઝ શરીફે કાશ્મીરને લઈને કેટલાક ખોટા નિવેદનો આપ્યા હતા, જેના પર ભારતે રાઈટ-ટુ-રિપ્લાય હેઠળ પાકિસ્તાનને જવાબ આપ્યો હતો.



# સૂરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ આજે ખૂલશે

અમદાવાદ,તા.૧૭

મુંબઈ સ્થિત રિયલ્ટર સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિ.એ દક્ષિણ મધ્ય મુંબઈ પ્રદેશમાં વ્યાપારી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ વિકસાવી છે, અને માહિમ માટુંગા, દાદર, પ્રભાદેવી અને પરેલના બજારોમાં રહેણાંક પોર્ટફોલિયો ધરાવે છે. તેની ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈક્વિટી દીઠ રૂા.૩૪૦થી રૂા.૩૬૦ના ભાવે પ્રાઈ, બેન્ડ નક્કી કર્યું છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર સબસ્ક્રિપ્શન માટે સોમવારે, ૧૮ ડિસે.૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ૨૦ ડિસે. ૨૦૨૩ના રોજ બંધ થઈ જશે. રોકાણકારો ઓછામાં ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે. ઈક્વિટી શેર દીઠ ઈજ પના ફેસ વેલ્યુનો પબ્લિક ઈશ્યુ સંપૂર્ણપણે રૂ. ૪૦૦૦ મિલિયનના ઈક્વિટી શેરનો નવો ઈશ્યુ છે જેમાં કોઈ ઑફર ફૉર સેલ ઘટક નથી.

રાજન મીનાથાકોનિલ થોમસ દ્વારા ૧૯૮૬ માં સ્થપાયેલ, સૂરજ એસ્ટેટ ડેવલપર્સ મુખ્યત્વે દક્ષિણ મધ્ય મુંબઈ પ્રદેશમાં વેલ્યુ લક્ઝરી, લક્ઝરી સેગમેન્ટ્સ અને કોમર્શિયલ સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને હવે બાંદ્રા સબ-માર્કેટમાં રહેણાંક રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં સાહસ કરે છે. અમે ભાડૂત મિલકતોના પુનઃવિકાસમાં નિષ્ણાત છીએ.

રિયલ એસ્ટેટ માર્કેટમાં છત્રીસ વર્ષથી વધુની લાંબી હાજરી ધરાવીને, તેણે દક્ષિણ-મધ્ય મુંબઈ ક્ષેત્રમાં ૧,૦૪૬,૫૪૩.૨૦ સ્ક્વેર ફૂટથી વધુના ડેવલપ્ડ કરેલ એરિયા સાથે બેતાલીસ (૪૨) પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે.

**નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ**

૧લો અને ૨જો માળ, કોર્પોરેટ ભવન, ઝાડસ હોસ્પિટલ સામે, થલતેજ-સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૫૯

**જાહેર ઘોષણા**

ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સેક્શન ૧૦૨ હેઠળ)

શ્રી ગોપાલકૃષ્ણ સુભાષચંદ્ર શર્મા(વિવેક સ્ટીલકો પ્રા.લિ.ના અંગત જામીનદાર)ના ક્રેડિટર્સના ધ્યાને લાવવા માટે

| | સંબંધિત વિગતો | |
|---|---|---|
| ૧ | અંગત જામીનદારનું નામ | શ્રી. ગોપાલકૃષ્ણ સુભાષચંદ્ર શર્મા |
| ૨ | કોર્પોરેટ દેણદારનું નામ જેમાં જામીન અપાયા છે | મે. વિવેક સ્ટીલકો પ્રા.લિ. |
| ૩ | અંગત જામીનદારનું સરનામું | ડી-૧૦૧, કસ્તૂરી કોમ્પ્લેક્સ, પકવાન રેસ્ટોરન્ટ પાછળ, બોડકદેવ, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪ |
| ૪ | અંગત જામીનદારના સંદર્ભે ઈન્સોલ્વન્સી ઘોષણાની વિગતો | ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૩ |
| ૫ | રેઝોલ્યૂશન પ્રોફેશનલ તરીકે કામ કરનાર ઈન્સોલવન્સી પ્રોફેશનલના નામ અને રજિસ્ટ્રેશન નંબર | નામઃ શ્રી. મનીષ કુમાર ભગત આઈબીબીઆઈ રજિ. નંબરઃ IBBI/IPA-001/IP-P00856/2017-2018/11438 |
| ૬ | રેઝોલ્યૂશન પ્રોફેશનલના બોર્ડ ખાતે નોંધાયેલ સરનામું અને ઈમેઈલ એડ્રેસ | બી-૧૨૦૪, શિલ્પ કોર્પોરેટ પાર્ક, રાજપથ રંગોલી રોડ, આરોન સ્પેક્ટ્રા પછી, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪. mbhagat2003@gmail.com |
| ૭ | રેઝોલ્યૂશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે વપરાનાર સરનામું અને ઈમેઈલ એડ્રેસ | બી-૧૨૦૪, શિલ્પ કોર્પોરેટ પાર્ક, રાજપથ રંગોલી રોડ, આરોન સ્પેક્ટ્રા પછી, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪. mbhagat2003@gmail.com |
| ૮ | દાવો જમા કરાવવાની છેલ્લી તારીખ | ૦૮મી જાન્યુઆરી, ૨૦૨૪ |

આથી અત્રે નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, અમદાવાદે એના વતી પ્રકાશિત કરવા આપેલ સૂચના મુજબ આ નોટિસ આરપી દ્વારા આપવામાં આવે છે. નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, અમદાવાદે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા ફાઈલ કરેલ સીપી(આઈબી) ૨૮ ઓફ ૨૦૨૧નો નિકાલ કરતા આઈબીસી ૨૦૧૬ના સેક્શન ૬૦ને સેક્શન ૧૦૦ સાથે વંચાણે લીધા હેઠળ શ્રી ગોપાલકૃષ્ણ સુભાષચંદ્ર શર્મા (નં.૩માં દર્શાવેલ મુજબ રહેવાસી) સામે તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અંગત ઈન્સોલ્વન્સી રેઝોલ્યુશન પ્રક્રિયાની ઘોષણાનો આદેશ કરેલ છે.

શ્રી ગોપાલકૃષ્ણ સુભાષચંદ્ર શર્માના ક્રેડિટર્સને અત્રે ધ સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ દેણદારના અંગત જામીનદારો માટે ઈન્સોલ્વન્સી રેઝોલ્યૂશન પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૯માં કરેલ જોગવાઈ મુજબ બી ફોર્મ (આઈબીબી વેબસાઈટ https://ibbi.gov.in/home/downloads પર ઉપલબ્ધ) પર તેમના દાવાઓ પુરાવા સાથે ૦૮મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં કે તે અગાઉ (આ પ્રકાશનની તારીખથી ૨૧ દિવસોમાં) રેઝોલ્યૂશન પ્રોફેશનલને નં.૦૭માં જણાવેલ સરનામે આપી જવા જણાવવામાં આવે છે.

૧.લેણદારોએ તેમના દાવાનો પુરાવો ઈલેક્ટ્રોનિક સાધનથી અથવા હાથોહાથ અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી અથવા સ્પીડપોસ્ટ અથવા કુરિયરથી જમા કરાવી શકશે.

૨. પેટા-કલમ-(૧)માં કરેલ દાવામાં વધુમાં, લેણદારે રેઝોલ્યૂશન પ્રોફેશનલને અંગત માહિતી અને ફોર્મ બી(આઈબીબી વેબસાઈટ https://ibbi.gov.in/home/downloads પર ઉપલબ્ધ)માં ઉલ્લેખ કરેલ એવી વિગતો આપવાની રહેશે.

ખોટા કે ગેરમાર્ગે દોરતા પુરાવાઓ જમા કરાવ્યેથી દંડને પાત્ર બનશે.

તારીખ : ૧૮-૧૨-૨૦૨૩ — મનીષ કુમાર ભગત

સ્થળઃ અમદાવાદ — રજિ. નંબરઃ IBBI/IPA-001/IP-P00856/2017-2018/11438

એએફએ વેલિડિટી તા.૨૪-૦૧-૨૦૨૪

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

**ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**

CIN:U67100TZ2014PTC020363

કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્ક્વેર, ૪૭મે માળે, ન.ચિ.કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮

ઈમેઈલઃ rajesh.jumani@omkaraarc.com/ zuber.khan@omkaraarc.com ઑથોરાઈઝ્ડ ઓફિસર મો.નં. +૯૧૮૬૫૭૯૬૯૨૩૩/+૯૧૮૬૫૭૯૬૯૨૩૧

(એપેન્ડિક્સ IV-A)

[(જુઓ નિયમ ૮(૬) સાથે નિયમ ૯(૧) વંચાણે લેતા જોગવાઈ]

સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફેસી કાયદો)ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેણદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો. વધુમાં ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ(ઓએઆરપીએલ)(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે)એ ૨૫.૦૬.૨૦૨૧ ના એસાઇનમેન્ટથી ઈન્ડસઈન્ડ બેંક લિ. (એસાઈનર બેંક)પાસેથી એસાઈનર બેંક પાસે રહેલ અન્ડરલાઈંગ સિક્યોરિટી સાથે નીચેના ખાતાઓમાં બાકી રહેલ દેવું સંપાદિત કર્યું છે. એ મુજબ ઓએઆરપીએલએ એસાઈનર બેંકના પેંગડામાં પગ મૂક્યો છે અને બાકી લેણું વસૂલવા અને સિક્યોરિટી જપ્ત કરવાની સત્તા ધરાવે છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો દેણદાર /ગિરવેદાર/ સહ-દેણદાર પાસેથી હસ્તાંતરિત કરાયેલ ફિઝિકલ કબજો લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી અત્રે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોને બાકી દેણું વસૂલવા માટે વેચવા ઈચ્છે છે અને આથી સિક્યોર્ડ મિલકતો ખરીદવા માટે બંધ કવરમાં ટેન્ડર્સ /બીડ્સ મંગાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફેસી કાયદાના ૧૩ (૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે' અને 'જે કાંઈ છે તે છે' તથા 'કોઈના આશ્રય વિના'ના આધારે સંબંધિત દેણદાર અને સહદેણદાર(રો) પાસેથી ઓએઆરપીએલને સિક્યોર્ડ ક્રેડિટર તરીકે ઓએઆરપીએલની સંબંધિત કોલમમાં જણાવેલ રકમ વસૂલ કરવાને માટે વેચાણ કરવામાં આવશે.

દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારો, સિક્યોરિટીઝ, માલિક, બાકી રકમ, સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ મોકલ્યાની તારીખ, કબજા તારીખ, રિઝર્વ કિંમત, બીડમાં વધારો કરવાની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી), નિરીક્ષણનાં તારીખ અને સમય વગેરે નીચે મુજબ છેઃ

| ક્રમ | દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારોનાં નામ | સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો | મિલકતના માલિક | ૧૫-૧૨-૨૦૨૩ મુજબ બાકી રકમ રૂ. | ડિમાન્ડ નોટિસની તારીખ | કબજાની તારીખ | રિઝર્વ કિંમત (રૂ. લાખમાં) | બીડમાં વધારો કરવાની રકમ | ઈએમડી | નિરીક્ષણનાં તારીખ અને સમય બપોરે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી તૃપેશ શાહ (દેણદાર/ ગિરવેદાર), શ્રીમતી બિંદીબેન તૃપેશકુમાર શાહ (સહ-દેણદાર) | બાંધેલી સ્થાવર મિલકતઃ મોજે બોડકદેવ તાલુકોઃ ઘાટલોડિયા, જિ. અમદાવાદની ટીપી સ્કિમ નં. ૧/બીના એફપી નં. ૬૭૪ના સબ-પ્લોટ નં. ૧૬૫ પર આવેલ ૧૬૫ ડ્વેલિંગ નામની સ્કિમમાં ફ્લેટ નં. ૧૦૧, ૧લે માળ, સર્વે નં. ૪૦૩ પૈકી માપણી ૧૮૦૦ ચો.ફીટ (એસબીયુએ) પશ્ચિમે : ફ્લેટ નં. ૧૦૨, પૂર્વેઃ એસપી નં. ૧૪૩, ઉત્તરઃ એસપી નં.૧૬૬, દક્ષિણેઃ એસપી નં. ૧૬૪. | શ્રી તૃપેશ શાહ | રૂ.૧,૦૧,૫૦,૯૩૩.૩૩ (અંકે રૂપિયા એક કરોડ એક લાખ પચાસ હજાર નવસો ત્રાણું અને પૈસા તેંત્રીસ પૂરા) | ૧૪.૧૦.૨૦૨૧ | ૧૫-૦૭-૨૦૨૩ | રૂ.૧,૦૨,૦૬,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ બે લાખ છ હજાર પૂરા) | રૂ.૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) | રૂ.૧૦,૨૦,૬૦૦/- (અંકે રૂપિયા દસ લાખ વીસ હજાર છસો પૂરા) | ૦૨.૦૧.૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૦૧:૦૦ સુધી |

ખાતા નં.: ૩૪૪૯૦૫૦૦૧૦૮૪, લાભાર્થીનું નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, બેંકનું નામઃ આઈસીઆઈસીઆઈ બેંક, શાખાઃ બાંદ્રા (પૂર્વ) મુંબઈ, આઈએફએસસી કોડઃ ICIC0003449

ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૧૯-૦૧-૨૦૨૪ બપોરે ૧૨:૦૦ થી બપોરે ૦૨:૦૦

ભાગ લેવા માટે બીડ લેટર/કેવાયસી દસ્તાવેજ/ઈએમડીનો પુરાવો જમા કરાવવાનાં તારીખ અને સમયઃ તા.૧૭-૦૧-૨૦૨૪ ના રોજ સાંજના ૦૫.૩૦ સુધી

હરાજીની શરતો અને નિયમોઃ વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને સિક્યોર્ડ લેણદાર (ઓએઆરપીએલ)ની વેબસાઈટ http://www.omkaraarc.com/auction.php પર અથવા સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ http://www.bankeauction.com પર આપેલ લિંક જુઓ.

ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા હેઠળ વેચાણ માટે સ્ટેચ્યુટરી નોટિસ

આ નોટિસ ઉપરના ધિરાણ ખાતાના દેણદાર(રો) માટે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળની ૧૫ (પંદર)દિવસથી ઓછી નહીં એવી મેન્ડેટરી નોટિસ પણ છે.

તા. ૧૮-૧૨-૨૦૨૩
સ્થળઃ અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી, ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ
(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પોતાની ક્ષમતા મુજબ)